# જય જિનેન્દ્ર

**વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ**

Newspaper Registration No. GUJGUJ10312 •• Postal Registration No. GUJ-553 •• Vol II, Issue 4 •• July, 2003

Post Box No. 15008 Ambavadi, Amdavad 380 015 • Visit us : http://www.jainshasan.com • E-Mail : jayjinendra@jainshasan.com



તીર્થેશ્વર વિદ્યાલંકાર


## શુદ્ધ સત્ત્વ એ મારું હૃદય છે.
## શુદ્ધ આત્મસ્વરૂપની પૂજા એ જ મારી પૂજા છે.

## મહાભારતમાં સચવાયેલો ભગવાન આદિનાથનો ઉપદેશ

- માનવી પ્રમાદવશ ન કરવાનાં કામ કરે છે. એની આ પ્રવૃત્તિઓ ઇન્દ્રિયોને તૃપ્ત કરવા માટે હોય છે. મને આ બરોબર લાગતું નથી, કારણ કે આનાથી આત્માને અસત્ અને દુઃખદાયક શરીર પ્રાપ્ત થાય છે.
- જ્યાં સુધી જીવને આત્મતત્ત્વની જિજ્ઞાસા થતી નથી ત્યાં સુધી અજ્ઞાનતાના કારણે તેનું અસલી સ્વરૂપ છુપાયેલું રહે છે. જ્યાં સુધી તે કર્મોમાં ફસાયેલો રહે છે ત્યાં સુધી તેના મનમાં વાસનાઓનું આક્રમણ ચાલુ રહે છે અને આ કારણે જ તેને દેહનું બંધન રહે છે.
- સ્વાર્થમાં આસક્ત જીવ જ્યાં સુધી વિવેકદૃષ્ટિનો આશ્રય લેતો નથી ત્યાં સુધી તેને ઇન્દ્રિયોની ચેષ્ટાઓ મિથ્યા લાગતી નથી. જ્યાં સુધી તેને આત્મસ્વરૂપની સ્મૃતિ થતી નથી ત્યાં સુધી અજ્ઞાનતા, વિષયાસક્તિ અને ક્લેશ તેનો કેડો મૂકતાં નથી.
- ખાડામાં પડતા અંધ માણસને જેમ દેખતો માણસ બચાવી લે છે તેમ સંસારમાં અથડાતા માણસને જ્ઞાની પુરુષ બચાવી લે છે અને જ્ઞાની પુરુષ જ ખરો માર્ગદર્શક છે.
- તે ગુરુ ગુરુ નથી, માતા માતા નથી, પિતા પિતા નથી, બંધુ બંધુ નથી, સ્વજન સ્વજન નથી જે પોતાના ઇષ્ટજનને સન્માર્ગનું પ્રદાન કરતા નથી અને મૃત્યુના મુખમાંથી છોડાવતા નથી.
- વાસનાઓ સંપૂર્ણ નષ્ટ થઈ જાય છે ત્યારે માનવ જ્ઞાનપ્રાપ્તિ માટે યોગ્ય બને છે.
- શુદ્ધ સત્ત્વ એ જ મારું હૃદય છે. શુદ્ધ આત્મસ્વરૂપની પૂજા એ જ મારી પૂજા છે. દરેક પ્રાણીમાં પોતાના જેવું જ દર્શન કરવું એ જ સાચી સમજણ છે. હું અને મારાપણામાંથી મુક્તિ એ જ મુક્તિ છે.
- અવિદ્યા (એટલે કે અજ્ઞાનતા) એ સૌથી મોટું દુઃખ છે અને લાલસા એ સૌથી મોટું બંધન છે. આ બન્નેમાંથી બચવું એ જ સન્માર્ગ છે.
- હો મારા પુત્રો, તમે બંધન અને અબંધનને ઓળખો. રાગ એ બંધન છે અને રાગમુક્તિ એ અબંધન છે. બંધન એટલે જ સંસાર અને અબંધન એટલે જ મોક્ષ.
- હે મારા પુત્રો, તમારો જન્મ કાદવમાં આળોટવા માટે થયો નથી. તમારો જન્મ બંધનમુક્ત બનવા માટે થયો છે. તમે સર્વ પ્રકારની લાલસા છોડીને એકમાત્ર મારું શરણ સ્વીકારો.

*પોતાને કાયદાથી પર માનતા નકલી ધર્મગુરુઓ સાવધાન*

# ચીલીની કોર્ટે સેક્સી ધર્મગુરુને તેનું અસલી સ્થાન બતાવી આપ્યું

*પાટનગર સાન્ટિયાગોથી મળેલા હેવાલો મુજબ ચીલીની સુપ્રીમ કોર્ટે વ્યભિચારના ગુનામાં સંડોવાયેલા રૉમન કેથોલિક સંપ્રદાયના એક શક્તિશાળી પાદરીને બાર વરસની જેલની સજા ફરમાવી છે.*

*પાદરીપણાના આંચળા નીચે આ ધર્મગુરુએ દસ બાળકોને પોતાની વાસનાનો ભોગ બનાવ્યા હતા. આ પાદરીનું નામ આન્દ્રેસ ગુરી છે અને ચીલીની સુપ્રીમ કોર્ટમાં તેમની સામે વ્યભિચારનો ખટલો ચાલ્યો હતો, જેના કારણે રૉમન કેથોલિક સંપ્રદાયમાં અને સમગ્ર ચીલી દેશમાં ચકચાર જાગી હતી.*

*વિદ્વાન મુખ્ય ન્યાયમૂર્તિએ જેલની સજા સંભળાવતાં જણાવ્યું હતું કે આવા નરાધમોને કાયદાની મર્યાદામાં રહીને શક્ય હોય એટલી વધુ સજા આપવી જોઈએ, જેથી, જેની ઉપર સમાજને જગાડવાની જવાબદારી છે એવા શરીફોનો નકાબ ઓઢીને ફરતા સફેદ ઠગોને પૂરતો પદાર્થપાઠ મળે. જેલની સજા ઉપરાંત પાદરીની વાસનાનો ભોગ બનેલાઓને સિત્તેર હજાર ડોલરની રકમ ચૂકવી આપવાનું પણ કોર્ટે ફરમાન કર્યું હતું. નકલી ધર્મગુરુઓ સામે કોર્ટે લાલ આંખ કરતાં સાધુવેષના આંચળા હેઠળ કુકર્મો આચરનારાં તત્ત્વોમાં ફફડાટ પેદા થયો છે. ચીલીની જનતાએ આ ચુકાદાને એક અવાજે વધાવી લીધો છે.*

આ સમાચાર સમાજ માટે આંખો ખોલનારા સાબિત થાય તેમ છે.

રૉમન કેથોલિક સંપ્રદાયના પાદરીઓ સમ્યક્ત્વનો ઇજારો ધરાવતા નથી. એમણે કાયદેસર રીતે ચોથું મહાવ્રત ઉચ્ચરેલું હોતું નથી. તેઓ મોક્ષની, શાસ્ત્રની, સિદ્ધાંતોની, ભગવાનની આજ્ઞાની ડીંગો હાંકતા નથી. સંસ્કૃતિની રક્ષા, ધર્મની રક્ષા વગેરે કોઈ ઊંચી વાતોની ઠોકાઠોક ન કરનારા એવા પાદરી સામે આરોપો મૂકાયા ત્યારે એમનો કોઈએ બચાવ નહીં કર્યો હોય એમ માનવું વધારે પડતું છે. કારણ કે એમને એમ તો વાત કોર્ટના દરવાજા સુધી નહીં જ પહોંચી હોય. ભોગ બનેલાં બાળકોની અને તેમનાં માબાપોની વાત સત્તાના ઘમંડમાં રાચતા ધર્મગુરુઓમાંથી જ્યારે કોઈએ કાને ધરી જ નહીં હોય ત્યારે જ આખો મામલો કોર્ટ સુધી પહોંચ્યો હશે.

જે દેશમાં ક્રિશ્ચિયાનિટીને બાદ કરતાં બીજા ધર્મને કોઈ સ્થાન જ નથી એવા દેશમાં પોતાના જ ધર્મના ધર્મગુરુ સામે પોતાના જ ધર્મના ન્યાયમૂર્તિઓ પ્રોસિક્યુશન કરે એ બાબત ઘણું બધું કહી જાય છે. ઊંચા આસને બેઠેલાઓ જ્યારે પૂર્વાગ્રહોથી પીડાવાનું ચાલુ કરી દે છે ત્યારે ધર્મક્ષેત્રે અંધાધુંધી સરજાય છે. ધાર્યું હોત તો ચીલીનું ક્રિશ્ચિયન ન્યાયતંત્ર 'ધર્મની હીલણા'ના ઓઠા હેઠળ આ આખા કેસનો વીંટો વાળી દઈ શક્યું હોત. એટલું જ નહીં, જે સિત્તેર હજાર ડોલર રકમ ચૂકવવાનો આદેશ કોર્ટે આપ્યો છે એ રકમ ચૂપચાપ ધર્મગુરુની આબરૂ બચાવવા માટે લાગતાં વળગતાં કુટુંબોને ન્યાયતંત્ર અપાવી શક્યું હોત. જો આમ થાત તો – જેવું કે ભારતમાં બને છે તેમ, વધુ ફોડ પાડીને કહીએ તો જૈન સમાજમાં બને છે તેમ – આપણને આ મામલાની ગંધ પણ ન આવત. પણ ચીલી એ ભારત નથી. એ દેશમાં ભારતની જેમ માત્ર બોદા ઉપદેશો આપવામાં આવતા નથી. ન્યાયની દેવીની આંખે પાટા બાંધેલી મૂર્તિનો અર્થ કદાચ આપણી કરતાં એ લોકો વધારે સારી રીતે સમજ્યા છે. આપણે એનો અર્થ આપણી પોતાની આંખે પાટા બાંધવા એવો કરીએ છીએ.

*શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈનો, હવે જાગશો ખરા?*

# શ્રી. નિર્મળચંદ્ર જૈન રાજસ્થાનના ગવર્નર નિમાયા

*જયપુરથી મળેલા હેવાલો મુજબ દિગંબર જૈન સમાજના આગેવાન શ્રી નિર્મળચંદ્ર જૈન રાજસ્થાનના ગવર્નર નિમાયા છે અને ગયા મહિને તેમણે પોતાનો કાર્યભાર પણ સંભાળી લીધો છે. મધ્યપ્રદેશ હાઈકોર્ટમાં તેઓ ધીકતી પ્રેક્ટિસ કરતા હતા. ૧૯૭૭માં તેઓ લોકસભામાં પણ ચૂંટાયા હતા. તેઓ ૧૧મા નાણાંપંચના સભ્ય પણ રહી ચૂક્યા છે. જબલપુર દિગંબર પંચાયતના અધ્યક્ષપદે પણ તેમણે કામગીરી બજાવી છે.*

જય જિનેન્દ્ર શ્રી. નિર્મળચંદ્ર જૈનને અભિનંદન પાઠવે છે અને સાથોસાથ શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજને થોડું આત્મચિંતન કરવાનું આહ્‌વાન આપે છે. લાખોની સંખ્યામાં ફેલાયેલો શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજ આજે ક્યાં છે? એક યુગમાં આ સમાજ પાસે કસ્તૂરભાઈ જેવા વિચક્ષણ આગેવાનો હતા, જેઓ સત્તાની પરસાળથી યોજનો દૂર રહેવા છતાં સત્તાધારીઓ તેમને પૂછીને પાણી પીવામાં ગૌરવ અનુભવતા. સંસ્કૃતિરક્ષા માટે બેફામ વાણીવિલાસ કરનારા પણ ખરો સમય આવે ત્યારે કાયમ પાણીમાં બેસી જનારા એવા એક મુનિ કટોકટી (૧૯૭૫-૧૯૭૭)ના દિવસોમાં મીસા નીચે પકડાઈ જવાના હતા ત્યારે કસ્તૂરભાઈની લાગવગથી માંડ માંડ જેલમાં જતાં બચ્યા હતા અને *'ઇન્દિરાબેન ગાંધી, ઇન્દિરાબેન ગાંધી'* નાં ભજનો ગાવા લાગ્યા હતા. આજે ન તો કસ્તૂરભાઈ છે કે ન તો તેમની મોજડીમાં પગ નાખી શકે એવો કોઈ આગેવાન છે.

દંભી ધર્મગુરુઓ અને જુઠ્ઠા જૈનાચાર્યોની નાગચૂડમાંથી બહાર ન નીકળી શકતા શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈનો આંતરિક ખટપટોમાં તો એક્કા છે અને પોતાના જ ભાઈઓના ટાંટીયા કેમ ખેંચવા એ કળામાં માહેર છે પરંતુ ગુજરાતની રાજધાની ગાંધીનગરથી લઈને ભારતની રાજધાની દિલ્હી સુધીમાં તો તેમને કોઈ બાપોય ઓળખતો નથી. દિલ્હીની સત્તાની લોબીમાં દિગંબર, સ્થાનકવાસી અને તેરાપંથી જૈનોની હાક બોલે છે, એની સામે શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજના આગેવાનોનો કોઈ ક્લાસ નથી. શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈનોની રાજધાની જેવા ગુજરાતમાં, આપણા કેટલા ધારાસભ્યો શ્રી. નરેન્દ્ર મોદીની કેબિનેટમાં છે? સાબરમતી જેવા શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈનોના મતોથી ભર્યા ભર્યા વિસ્તારમાં રાજકીય પક્ષો દ્વારા સત્તાવાર રીતે એક ઉમેદવારને ઊભો રખાવીને જીતાડી ન શકતા અને જરૂર પડ્યે અપક્ષ જૈન ઉમેદવારને ઊભો રાખીને વટભેર ચૂંટાવી ન શકતા શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈનોની આંખો તો સમ્મેતશિખરના મામલે ઝારખંડ હાઈકોર્ટમાં હારી ગયા પછી પણ ઊઘડવાની નથી.

દીવા નથી દરબારમાં છે અંધારૂં ઘોર...

# ગ્રહદશા અને તેનું ફળ

પૂજ્ય સાધ્વી શ્રી જિતપૂર્ણાજી મહાસતીજી

લેખાંક છઠ્ઠો

## દશાધિપતિ શનિ કઈ રાશિમાં હોય તો કેવું ફળ આપે?

**મેષરાશિમાં રહેલ શનિનું દશાફળ**

જે જાતકનો દશાધિપ શનિ જન્મકુંડલીમાં મેષરાશિમાં હોય તેને શનિ મહાદશાકાળમાં ઘર-જમીન આદિનો નાશ, પશુનાશ, ધનનાશ વગેરે સર્વનાશ જેવાં અશુભ ફળો મળે છે.

**વૃષભરાશિમાં રહેલ શનિનું દશાફળ**

જે જાતકનો દશાધિપ શનિ જન્મકુંડલીમાં વૃષભરાશિમાં હોય તેને શનિ મહાદશાકાળમાં ખેતીમાં લાભ, ધન સંપત્તિ તથા પશુધનની અભિવૃદ્ધિ, ઉત્તમ પ્રકારની વસ્તુઓનો લાભ, આવાં અનેક શુભ ફળો મળે છે.

**મિથુનરાશિમાં રહેલ શનિનું દશાફળ**

જે જાતકનો દશાધિપ શનિ જન્મકુંડલીમાં મિથુનરાશિમાં હોય તેને શનિ મહાદશાકાળમાં ભૌતિક સુખોની સાનુકૂળતા જમીન-જાયદાદ સંપત્તિનો લાભ તથા સરકાર તરફથી સન્માનપ્રાપ્તિ જેવાં શુભ ફળો મળે છે.

**કર્કરાશિમાં રહેલ શનિનું દશાફળ**

જે જાતકનો દશાધિપ શનિ જન્મકુંડલીમાં કર્કરાશિમાં હોય તેને શનિ મહાદશાકાળમાં શત્રુપીડા, રોગપીડા, કુટુંબમાં વિરોધ જેવાં અનેક કષ્ટકારી ફળો મળે છે.

**સિંહરાશિમાં રહેલ શનિનું દશાફળ**

જે જાતકનો દશાધિપ શનિ જન્મકુંડલીમાં સિંહરાશિમાં હોય તેને શનિ મહાદશાકાળમાં સરકારથી અનેક પ્રકારની આપત્તિઓ, શત્રુસમૂહમાં વધારો, સમાજમાં પ્રતિષ્ઠાહાનિ થવા જેવાં અનેક અશુભ ફળ મળે છે.

**કન્યારાશિમાં રહેલ શનિનું દશાફળ**

જે જાતકનો દશાધિપ શનિ જન્મકુંડલીમાં કન્યારાશિમાં હોય તેને શનિ મહાદશાકાળમાં આબરૂ પ્રતિષ્ઠામાં વધારો, દરેક પ્રકારના ભૌતિક સુખની પ્રાપ્તિ, રાજસન્માન વગેરે અનેક શુભ ફળો પ્રાપ્ત થાય છે.

**તુલારાશિમાં રહેલ શનિનું દશાફળ**

જે જાતકનો દશાધિપ શનિ જન્મકુંડલીમાં તુલારાશિમાં હોય તેને શનિ મહાદશાકાળમાં રાજ્યમાં સર્વોચ્ચ અધિકારપ્રાપ્તિ, મોટી વ્યક્તિઓનો પ્રબળ આશ્રય, અનુગ્રહ પ્રાપ્ત કરવા જેવાં શુભ ફળો મળે છે.

**વૃશ્ચિકરાશિમાં રહેલ શનિનું દશાફળ**

જે જાતકનો દશાધિપ શનિ જન્મકુંડલીમાં વૃશ્ચિકરાશિમાં હોય તેને શનિ મહાદશાકાળમાં બુદ્ધિભ્રષ્ટતા થાય તથા સ્વમાન ઘવાય તેવા આપત્કર પ્રસંગો બને અને સમાજમાં આબરૂ ગુમાવવા જેવાં અશુભ ફળ પ્રાપ્ત થાય છે.

**ધનરાશિમાં રહેલ શનિનું દશાફળ**

જે જાતકનો દશાધિપ શનિ જન્મકુંડલીમાં ધનરાશિમાં હોય તેને શનિ મહાદશાકાળમાં બ્રાહ્મણો તથા ગુરુજનોની સેવા-ભક્તિ કરવાની તક, માંગલિક કાર્યોનો આરંભ અને બંધુવર્ગના હિત, કલ્યાણની વૃદ્ધિ થાય વગેરે શુભ ફળો મળે છે.

**મકરરાશિમાં રહેલ શનિનું દશાફળ**

જે જાતકનો દશાધિપ શનિ જન્મકુંડલીમાં મકરરાશિમાં હોય તેને શનિ મહાદશાકાળમાં જમીન જાયદાદની અભિવૃદ્ધિ તથા વિપુલ પ્રમાણમાં ધન-ધાન્યનો લાભ વગેરે અનેક શુભ ફળ મળે છે.

**કુંભરાશિમાં રહેલ શનિનું દશાફળ**

જે જાતકનો દશાધિપ શનિ જન્મકુંડલીમાં કુંભરાશિમાં હોય તેને શનિ મહાદશાકાળમાં દરિયાઈ મુસાફરી કરવાનો મોકો પ્રાપ્ત થાય તેમ જ યશ-કીર્તિ ખૂબ ફેલાય તેવો અવસર મળે, કુટુંબમાં સમાજમાં અગ્રણી થઈ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય એવાં અનેક શુભ ફળ પ્રાપ્ત થાય છે.

**મીનરાશિમાં રહેલ શનિનું દશાફળ**

જે જાતકનો દશાધિપ શનિ જન્મકુંડલીમાં મીનરાશિમાં હોય તેને શનિ મહાદશાકાળમાં ક્યારેક સુખ અને ક્યારેક દુઃખ જેવાં શુભાશુભ ફળ મળે છે તેમજ ગુરુજનો-બંધુજનોથી વિરોધ, કુલાચારને ભ્રષ્ટ કરવા જેવાં અશુભ ફળો મળે છે.

•

**શનિને લગતી ફરિયાદો દૂર કરવાનો રામબાણ ઉપાય**

મુનિસુવ્રતસ્વામી ભગવાનની પૂજા, તેમનો નામજપ, તેમનાં દર્શન અને શનિવારે શક્ય હોય તો આયંબિલ. તે ન બને તો એકાસણું તો ખરૂં જ. આ ઉપરાંત 'નમો લોએ સવ્વસાહૂણં' એ પદનો જાપ પણ શનિની બબાલમાં અકસીર પૂરવાર થાય છે. અજમાવી જુઓ.

### વેલકમ ચૈતાલી શાહ

ઇન્ટિરીયર આર્કિટેક્ટ સુશ્રી ચૈતાલી શાહ *જય જિનેન્દ્ર*ના આગામી અંકથી પોતાની કલમનો આસ્વાદ કરાવશે.

સ્થાપત્ય એ એક વિશિષ્ટ કળા છે. દરેક પ્રકારના સ્થાપત્યનું પોતાનું એક આગવું સૌન્દર્ય હોય છે. કળાને તો આપણે જોઈ શકીએ છીએ અને થોડીઘણી સમજ હોય તો તેને માણી પણ શકીએ છીએ, પરંતુ દરેક પ્રકારના સ્થાપત્યનો દરેક ખૂણો આપણા કાનમાં કંઈક ગુંજારવ કરવા માગતો હોય છે એ તરફ ભાગ્યે જ આપણું ધ્યાન જતું હોય છે. એ ગુંજારવ સંભળાવશે સુશ્રી ચૈતાલી શાહ.

આગામી અંકથી વાંચો સ્થાપત્યનાં વિવિધ પાસાં સુશ્રી ચૈતાલી શાહની કલમે. હાલ તેઓ 'કચ્છમિત્ર' દૈનિકમાં 'સ્થાપત્ય સ્પંદન' નામની લેખમાળા લખી રહ્યાં છે. ગુજરાતનાં અગ્રગણ્ય સામયિકોમાં પણ તેમના લેખો આવતા રહે છે.

વેલકમ ચૈતાલી શાહ, વેલકમ રીડર્સ!

# દીક્ષાજીવનના પાંત્રીસમા વરસમાં પ્રવેશ કરશે મુનિ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજ

પૂજનીય વિદ્વાન મુનિરાજ શ્રી. મિત્રાનંદસાગરજી મહારાજ આગામી ૧૧ જુલાઈના શુક્રવારે દીક્ષાજીવનના ૩૫મા વરસમાં પ્રવેશ કરશે. ૧૧ વરસની બાલ્યવયે સંયમજીવનના કઠોર માર્ગે પગરણ માંડનારા પૂજ્યશ્રીની સંયમયાત્રા અનેક ખાટીમીઠીથી ભરપૂર છે.

પૂજનીય વિશ્વવિખ્યાત જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજની ઉજ્જવળ પરંપરામાં દીક્ષા ગ્રહણ કરનારા પૂજ્યશ્રીનું પ્રારંભિક જીવન ઘડતર પરમ ગુરુદેવ પ્રશમરસનિધિ ચારિત્રમૂર્તિ શ્રી. કીર્તિસાગરસૂરીશ્વરજી મહારાજ હસ્તક થયું. ત્યારબાદ પૂજનીય ગચ્છાધિપતિ દાદા ગુરુદેવ શ્રી. કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજ અને પૂજ્યપાદ પરમ તપોનિધિ ગુરુદેવ શ્રી. સૂર્યસાગરજી મહારાજની નિશ્રામાં રહીને અભ્યાસમાર્ગે આગળ વધ્યા. તીવ્ર મેધા ધરાવનારા પૂજનીય મુનિશ્રી ઉપર તેમના દાદા ગુરુદેવ શ્રી. કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજશ્રીની અપૂર્વ કૃપા રહી.

સંસ્કૃત, અર્ધમાગધી સહિત આઠ ભાષાઓના જાણકાર પૂજ્ય મુનિશ્રી જૈન સમાજનું એક અમૂલ્ય રત્ન છે. પ્રાચીન લિપિઓને સહજમાત્રમાં ઉકેલીને વાંચી શકતા મુનિશ્રી ભારતના નામાંકિત વિદ્વાન પંડિતજનો પાસે અધ્યયન કરી ચૂક્યા છે.

૧૯૭૯માં તેમણે અમદાવાદની બૃહદ્ ગુજરાત વિદ્વત્ પરિષદમાંથી સંસ્કૃત વિશારદ કર્યું હતું. એ પછી ભારતની અનેક નામાંકિત સંસ્થાઓમાંથી વિવિધ પરીક્ષાઓ આપીને અનેક ડિગ્રીઓ પ્રાપ્ત કરી ચૂક્યા છે. તેઓ પોતે પણ સંસ્કૃતભાષામાં સુંદર રચનાઓ કરી શકે છે.

અભ્યાસકાળમાં જ કાલિદાસ, ભવભૂતિ, માઘ, દંડી, ભારવિ વગેરે સમર્થ મહાકવિઓનું સાહિત્ય વાંચી ચૂકેલા મુનિશ્રી વૈદિક ગ્રંથો ઉપર પણ એટલું જ પ્રભુત્વ ધરાવે છે. શ્રીમદ્ ભગવદ્ ગીતા, રામાયણ, મહાભારત વગેરે પ્રાચીન ભારતીય વારસાનું અવગાહન કરી ચૂકેલા મુનિશ્રીનો પ્રિય વિષય જૈન આગમો છે. તેઓશ્રી છેલ્લા કેટલાક સમયથી જૈન આગમોના સંપાદનમાં વ્યસ્ત છે અને આગામી બે વરસમાં તેમનું સંપાદનકાર્ય સમાપ્ત થવાની ધારણા છે.

અગમ નિગમનાં શાસ્ત્રોમાં પણ મુનિશ્રી એટલી જ રુચિ ધરાવે છે. અવસર મળે તો મંત્રશાસ્ત્રનાં પ્રાચીન પુસ્તકો પણ ઉથલાવવાનું ચૂકતા નથી.

તેમણે સૂચવેલા આધ્યાત્મિક ઉપાયો દ્વારા હજારો લોકોએ પોતાની સમસ્યાનું સમાધાન મેળવ્યું છે, જેમાં ગાંધીનગરમાં ઉચ્ચ આસનો પર બેઠેલા અનેક મહાનુભાવોનો પણ સમાવેશ થાય છે.

બે વરસ અગાઉ તેમણે સમાજ સામે મૂકેલું લક્ષ્મીધારા યંત્ર એ એમના પ્રાચીન મંત્રસાહિત્યની શોધખોળનો એક ઉત્તમ નમૂનો છે. આઠસો વરસ જૂના પુસ્તક 'નમિઊણ કલ્પ'ને કેન્દ્રમાં રાખીને તેમણે સૈકાઓ પૂર્વેથી નષ્ટ થઈ ચૂકેલા લક્ષ્મીધારા યંત્રનો ઉદ્ધાર કર્યો અને જૈન શ્રીયંત્રની લુપ્ત થઈ ચૂકેલી પ્રાચીન પરંપરાને પુનર્જીવિત કરી. દેશ વિદેશના મંત્રસાહિત્યના વિદ્વાનોએ પૂજ્યશ્રી દ્વારા રજૂ કરાયેલા લક્ષ્મીધારા યંત્રની મુક્તકંઠે પ્રશંસા કરી છે. ગુજરાત સમાચાર, સંદેશ, ટાઈમલી, ઈનરલૂક, વેસ્ટર્ન ટાઈમ્સ વગેરે વર્તમાનપત્રો અને મેગેઝિનો દ્વારા લક્ષ્મીધારા યંત્રને ખુલ્લા દિલથી આવકારવામાં આવ્યું છે. ભારતના નામાંકિત ઉદ્યોગગૃહો ઉપરાંત અમેરિકા અને યુરોપ ખંડના અનેક દેશોમાં પણ પૂજ્યશ્રી દ્વારા રજૂ કરાયેલું લક્ષ્મીધારા યંત્ર પહોંચી ચૂક્યું છે. અનેક નામાંકિત ગુણાનુરાગી જૈન આચાર્યો અને વિદ્વાન મુનિઓ ઉપરાંત વૈદિક સંપ્રદાયના અનેક સંતોએ લક્ષ્મીધારા યંત્રની મુક્તકંઠે પ્રશંસા કરી છે.

આગામી અંકમાં વાંચો *જય જિનેન્દ્ર*ની ટીમ દ્વારા લેવાયેલી પૂજ્ય મુનિ શ્રી. મિત્રાનંદસાગરજી મહારાજ સાથેની મુલાકાતનો હેવાલ. જેમાં પૂજ્યશ્રીના અંતરંગ જીવનની અનેક બાબતો આવરી લેવાઈ છે, જેમાં અનેક વિવાદાસ્પદ પ્રશ્નોના તેમણે આપેલા ઉત્તરો એ તેમની નિખાલસતાને પ્રતિબિંબિત કરે છે. ૩૫ વરસનાં લેખાંજોખાં અમારા વિચારશીલ વાચકોને જરર ગમશે.

***આગામી અંકમાં વાંચો પૂજ્યશ્રી સાથેની નિખાલસ વાતચીતનો વિગતવાર હેવાલ, જેમાં પોતે 'અર્જુનવિષાદ યોગ'માંથી પસાર થયા એ દિવસોની માનસિક વિચારધારાનો સમગ્ર ચિતાર આપ્યો છે. પૂજ્યશ્રીની દૃષ્ટિએ કોણ કેટલા પાણીમાં...***

**અનુસંધાન પાન ૫નું ચાલુ**

પણ પ્રકાશિત કરી રહ્યું છે.

ઉપર જણાવેલા રાજાઓનાં નામો વિશેષ પ્રખ્યાત છે, કારણ કે એમાંના દરેક કોઈને કોઈ સ્વરૂપે હંમેશાં ચર્ચામાં રહ્યા છે. કોઈ યુદ્ધના કારણે, કોઈ પરાક્રમના કારણે, કોઈ અન્ય કારણે. પણ વિશેષ પ્રસિદ્ધિ પામ્યા ન હોય પરંતુ ભગવાન મહાવીરના પરમ ભક્ત રહ્યા હોય એવા અનેક રાજાઓનાં નામો પણ આગમ ગ્રંથોમાં મળી આવે છે. જેનો ઉલ્લેખ અહીં કરીશું.

**વિજયસેન રાજા** (પોલાસપુર) ઈરિયાવહીથી કેવળજ્ઞાન પામનારા બાલદીક્ષિત અઈમુત્તામુનિના પિતા. **અલખ રાજા** (વાણારસી) બહુ મોટી ઉમ્મરે ભગવાન મહાવીર પાસે દીક્ષા લીધી હતી. **યુગબાહુ રાજા** (સુદર્શનપુર) તેની પત્ની અને પુત્ર બન્નેએ ભગવાન મહાવીર પાસે દીક્ષા લીધી હતી. **શિવ રાજા** (હસ્તિનાપુર) પહેલાં સંન્યાસ લીધો અને પછી ભગવાન મહાવીરના સંપર્કમાં આવીને જૈન મુનિ બન્યા. **સંયતિ રાજા** (કપિલપુર) શિકારે જતાં ધ્યાનસ્થ મુનિનું દર્શન કરીને તેમના પરિચયથી ભગવાન મહાવીરના સંપર્કમાં આવ્યા અને પ્રભુના પરમ ભક્ત બન્યા. પાછળથી દીક્ષા પણ લીધી. **બલભદ્ર** (સુગ્રીવનગર) ભગવાનના પરમ શિષ્ય મૃગાકુમારના પિતા.

આ ઉપરાંત જૈન આગમોમાં **અદીનશત્રુ** (હસ્તિનાપુર), **ધનબાહુ** (ઋષભપુર), **કૃષ્ણમિત્ર** (વીરપુર), **વાસવદત્ત** (વિજયપુર), **અપ્રતિહત** (સૌગન્ધિકા નગરી), **પ્રિયચંદ્ર** (કનકપુર), **બલરાજ** (મહાપુર), **અર્જુન** (સુઘોષપુર), **દત્ત રાજા** (ચંપાનગરી), **મિત્રાનંદી** (સાકેતપુર), **શ્વેતરાજ** (આમલકપ્પા નગરી) વગેરે રાજાઓના ઉલ્લેખો પણ મળે છે, જેઓ પણ ભગવાન મહાવીરના પરમ ભક્તો ગણાયા છે.

છેલ્લે ચાર મહત્ત્વપૂર્ણ નામો : **નમિરાજ** (મિથિલા નરેશ), **કરકંડુ રાજા** (કલિંગ નરેશ), **દુમાઈ રાજા** (પાંચાલ નરેશ) અને **નિર્ગતિ રાજા** (ગાંધાર નરેશ) આ ચારે રાજાઓ ભગવાન મહાવીરના પરમ ભક્ત હતા અને તેઓ જૈન શાસનમાં પ્રત્યેકબુદ્ધ તરીકે ઓળખાય છે.

આ સિવાય બીજા પણ કેટલાંક નામો રાજાઓનાં છે, જેઓ ભગવાન મહાવીર સાથે કોઈને કોઈ રીતે સંકળાયેલા હોય. અહીં તો માત્ર ભગવાન મહાવીરના સાક્ષાત પરિચયમાં આવ્યા હોય તેવાં નામો આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. રાજપદ સ્વીકાર્યા વિનાના રાજપુત્રો અને રાજાઓના સામંતો વગેરેનાં નામો જો આ સૂચિમાં ઉમેરવામાં આવે તો એ માટે સ્વતંત્રરૂપે જ એક આખી પુસ્તિકાનું સર્જન કરવું પડે એટલાં બધાં નામો થાય!

# ભગવાન મહાવીરના અનુયાયી રાજાઓ

*ગયા અંકનું ચાલુ*

**દશાર્ણભદ્ર**

દશપુરના રાજા દશાર્ણભદ્ર પણ ભગવાન મહાવીરના પરમ અનુયાયી હતા. પોતાના વૈભવનું પ્રદર્શન કરવાના શોખીન એવા આ રાજાના મનમાં એકવાર એવી ઇચ્છા થઈ કે પોતે ભગવાન મહાવીરનું એવું સ્વાગત કરશે કે ઇતિહાસમાં કોઈએ કર્યું ન હોય! અને એણે એમ કર્યું પણ ખરૂં.

ભગવાન મહાવીર દશપુરમાં પધાર્યા ત્યારે તેણે કરેલું સ્વાગત જોઈને તે સમયના રાજાઓ મોંમાં આંગળા નાખી ગયા હતા. ભગવાનના સ્વાગત સમારોહમાં તેણે પોતાની સમગ્ર તાકાત કામે લગાડી દીધી હતી. દશાર્ણભદ્ર પાસે આટલો વૈભવ અને ઋદ્ધિ-સિદ્ધિ હશે એવી તો કોઈએ કલ્પના પણ નહોતી કરી. રાજા દશાર્ણભદ્રે મનમાં એવી ગાંઠ વાળી હતી કે ભગવાનનું સ્વાગત એવું થવું જોઈએ કે એ ઇતિહાસમાં યાદગાર બની જાય.

ભક્તિ પણ જો અહંકારનું સ્વરૂપ ધારણ કરી લે તો તે ભક્તિ મટીને પ્રદર્શન બની જાય છે. દશાર્ણભદ્રની બાબતમાં પણ આવું જ બન્યું. ભગવાન મહાવીરનું તેણે કરેલું અદ્‌ભુત સ્વાગત નિઃશંકપણે જ તેની ભક્તિની પરાકાષ્ઠા જ હતું, પરંતુ તેમાં અહંકારની છાંટ તો ભળી જ ગઈ. એ અવસરે સૌધર્મેન્દ્રને એમ લાગ્યું કે દશાર્ણભદ્રનું અભિમાન ઉતારવું જોઈએ અને તેણે એવી અદ્‌ભુત દૈવી રચનાઓ કરી કે જોનારા દંગ રહી ગયા. દશાર્ણભદ્રે કરેલું સ્વાગત સૌધર્મેન્દ્રના સ્વાગતની સામે ખરેખર ઝાંખું પડી ગયું.

આ ઘટનામાંથી બોધ ગ્રહણ કરીને દશાર્ણભદ્રે ત્યાં ને ત્યાં જ ભગવાન મહાવીરનાં ચરણોમાં સંયમજીવન અંગીકાર કરી લીધું. સૌધર્મેન્દ્ર પણ તેમના પગમાં પડી ગયા. કારણ કે એ કાર્ય એવું હતું કે જે સૌધર્મેન્દ્રથી બની જ ન શકે!

'તમે ખરેખર અદ્‌ભુત કાર્ય કરી દેખાડ્યું' સૌધર્મેન્દ્ર નૂતન મુનિ દશાર્ણભદ્રનાં ચરણોમાં ભાવસભર મુદ્રામાં નમી ગયા.

ભગવાન મહાવીરના અનુયાયી રાજાઓમાં દશાર્ણભદ્રને પણ જૈન આગમોમાં મહત્ત્વપૂર્ણ સ્થાન આપવામાં આવ્યું છે. ઉત્તરાધ્યયન નામના આગમમાં દશાર્ણભદ્રનું વિગતવાર વિવરણ સચવાયેલું છે.

**ચંડપ્રદ્યોત**

પ્રખર તેજધારી એવો આ રાજા પોતાના તેજના કારણે ચંડપ્રદ્યોત તરીકે ઓળખાતો હતો. આ રાજા સાથે કામ પાડવું ઘણું કપરૂં કાર્ય ગણાતું. જેની ઉપર આ રાજાનો રોષ ઊતરતો તેની સામે તે ચંડ સ્વરૂપ બની જતો. ઉજ્જયિનીનો શાસક એવો આ રાજા યુદ્ધોનો પણ ભારે શોખીન હતો. દેશની સીમાઓ વધારવાનું તેને વારંવાર મન થતું અને એ કારણે તે વારંવાર યુદ્ધોમાં ઊતરતો. રાજ્યવિસ્તારની સાથે તે સ્ત્રીઓનો પણ એટલો જ શોખીન હતો. પોતાના મનને ગમતી સ્ત્રી સરળતાથી ન મળે તો તેને મેળવવા તે યુદ્ધ પણ ખેલી લેતો. આવો રાજા ધર્મમાં આસ્થા રાખે એવું તો કોણ વિચારે? પણ ભગવાન મહાવીર જેવા પારસમણિના સ્પર્શે તેના હૃદયનું એવું પરિવર્તન થયું કે ભગવાનના ભક્તરાજાઓમાં તેની ગણતરી પણ થવા માંડી. વીતભય પત્તનના મહારાજા ઉદયને તેને યુદ્ધમાં હરાવીને તેનો ઘમંડ ઊતાર્યો તે પછી તે ધર્મના માર્ગે ઉત્તરોત્તર આગળ વધ્યો અને હિંસક યુદ્ધોમાંથી તેણે પોતાની જાતને અળગી કરી દીધી.

**ઉદયન રાજા**

ઉજ્જયિનીના સમર્થ રાજા ચંડપ્રદ્યોતને યુદ્ધમાં પરાજય આપનારો આ રાજા વીતભય પત્તનનો શાસક હતો. વિવિધ પ્રદેશોના દસ રાજાઓ તેની આજ્ઞાનું પાલન કરતા હતા. ઉદયન રાજા ભગવાન મહાવીરના મામા ચેટકરાજના જમાઈ થાય. તેમની પુત્રી પ્રભાવતી સાથે લગ્ન કરનાર ઉદયને પોતાના રાજભવનમાં એક ચૈત્યનું નિર્માણ કરાવ્યું હતું. આ ચૈત્યમાં ભગવાન મહાવીરની રાજકુમાર અવસ્થાની મૂર્તિની સ્થાપના કરેલી હતી અને રાજા રાણી બન્ને તેની નિરંતર પૂજા કરતાં હતાં.

રાણી પ્રભાવતીએ ભગવાન મહાવીરનાં ચરણોમાં દીક્ષા લઈ લીધી તે પછી પણ ઉદયનરાજાએ પૂજાનો ક્રમ યથાવત ચાલુ રાખ્યો હતો. પ્રભાવતીની પરમ વિશ્વાસુ દાસી હંમેશાં તે જિનચૈત્યનું ધ્યાન રાખતી અને તે પણ ભગવાનને શ્રદ્ધાથી પૂજતી. આ દાસીના રૂપમાં લુબ્ધ બનેલા એવા ચંડપ્રદ્યોતે તેનું ભગવાનની મૂર્તિ સહિત અપહરણ કર્યું એ ઘટનાથી છંછેડાયેલા ઉદયન રાજાએ તેને યુદ્ધના મેદાનમાં સખત પરાજય આપીને સબક શિખવાડ્યો તે પછી તેના મનના પરિણામો બદલાઈ ગયા હતા અને તેણે પણ પોતાની પત્ની પ્રભાવતીના માર્ગે પ્રયાણ કરીને ભગવાન મહાવીરનાં ચરણોમાં દીક્ષા અંગીકાર કરી હતી.

મુનિ બની ગયેલા ઉદયન રાજાને જૈન આગમોમાં 'રાજર્ષિ' જેવા માનવાચક શબ્દોથી નવાજવામાં આવ્યા છે.

**દધિવાહન**

ભગવાન મહાવીરના શાસનનાં પ્રથમ સાધ્વી ચંદનબાળાના પિતા એટલે દધિવાહન રાજા. તેઓ ભગવાન મહાવીરના પરમ ભક્ત હતા. દધિવાહનનું શાસન ચંપાનગરીમાં હતું. પોતાના જ સાઢુભાઈ અને કૌશામ્બી નગરીના રાજા શતાનીક સાથે થયેલા યુદ્ધમાં દધિવાહન વીરગતિ પામ્યા હતા. દધિવાહન રાજાના ઉલ્લેખો કલ્પસૂત્રમાં આવે છે, જે દરવર્ષે લોકોને પર્યુષણ પર્વમાં વ્યાખ્યાન દરમ્યાનમાં સાંભળવા મળે છે.

**શતાનીક**

કૌશામ્બી નગરીના શાસક એવા શતાનીક રાજા પોતાના પરાક્રમ માટે પ્રખ્યાત હતા. ભગવતીસૂત્રમાં એક જયંતી નામની પ્રખર વિદુષી શ્રાવિકાના ઉલ્લેખો મળે છે જેણે ભગવાન મહાવીરને તાત્ત્વિક પ્રશ્નો પૂછ્યા હતા. આ જયંતી શ્રાવિકા શતાનીક રાજાની બહેન થાય!

**ઉદાયી રાજા**

શતાનીક રાજાની ગાદીએ આવેલો ઉદાયી રાજા પણ ભગવાન મહાવીરનો પરમ ભક્ત રાજા હતો.

**હસ્તિપાલ રાજા**

પાવાપુરીના રાજવી હસ્તિપાલના ઉલ્લેખ વિના ભગવાન મહાવીરના ભક્તોની સૂચિ અધૂરી જ રહે. આ રાજાની વિનંતીને માન આપીને ભગવાને પોતાના જીવનનું છેલ્લું ચાતુર્માસ પાવાપુરીમાં કર્યું હતું અને ત્યાં જ તેમનું નિર્વાણ થયું હતું. ભગવાનના અંતિમસંસ્કારના સ્થાને હસ્તિપાલ રાજાએ બનાવેલું ચૈત્ય એ તેની અમર યશોગાથાને આજે

**અનુસંધાન પાન ૪ ઉપર**

# આપનું પુસ્તક મળ્યું

## ● શ્રીમદ્ વિજય વિદ્યાચંદ્રસૂરિ સ્મૃતિ ગ્રંથ

*માર્ગદર્શક : પૂજ્ય મુનિવર્ય શ્રી સૌભાગ્યવિજયજી મહારાજ, પૂજ્ય મુનિવર્ય શ્રી જયપ્રભવિજયજી મહારાજ અને પૂજ્ય મુનિવર્ય શ્રી રવીન્દ્રવિજયજી મહારાજ*
*સંયોજક : પૂજ્ય મુનિવર્ય શ્રી ઋષભચંદ્રવિજયજી મહારાજ*
*સંપાદક : ભગવાન સહાય વશિષ્ઠ*
*પ્રકાશક : શ્રી રાજેન્દ્ર પ્રવચન કાર્યાલય,*
*શ્રી આદિનાથ રાજેન્દ્ર જૈન શ્વેતામ્બર પેઢી*
*મોહનખેડા તીર્થ, રાજગઢ (મધ્ય પ્રદેશ)*
*મૂલ્ય : ૨૫૧ રૂપિયા*

ત્રિસ્તુતિક સંપ્રદાયના પૂજનીય આચાર્ય શ્રી વિજય વિદ્યાચંદ્રસૂરીશ્વરજી મહારાજની સ્મૃતિમાં પ્રકાશિત કરાયેલા આ ગ્રંથમાં સ્વર્ગસ્થ આચાર્યશ્રીના જીવનની વિવિધ ઘટનાઓ ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો છે. છ ખંડોમાં વહેંચાયેલા આ ગ્રંથમાં ધર્મ, ઇતિહાસ, સંસ્કૃતિ, આચારવિચાર, પરંપરા વગેરે વિષયો અંગે વિવિધ નામાંકિત વિદ્વાનોના લેખોનો સમાવેશ કરાયો છે, જે ખરેખર સંગ્રહણીય છે.

*ભગવાન સહાય વશિષ્ઠ, કિશોરચંદ્ર એમ વર્ધન, ડૉ. સાગરમલ જૈન, ડૉ. નરેન્દ્ર ભાણાવત, ડૉ. રાજીવ પ્રચંડિયા, ડૉ. દામોદર શાસ્ત્રી, શ્રી ચંદનમલ ચાંદ, ડૉ. શારદા સ્વરૂપ, ડૉ. રુદ્રદેવ ત્રિપાઠી, ડૉ. શોભાનાથ પાઠક, ડૉ. રમેશચંદ્ર જૈન, ડૉ. રજ્જનકુમાર, ડૉ. આદિત્ય પ્રચંડિયા, ડૉ. અર્હદદાસ બંડોબા દિગે, શ્રી પ્રહલાદ નારાયણ વાજપેયી, ડૉ. કાલિદાસ જોશી, ડૉ. રતનચંદ્ર જૈન, ડૉ. ફૂલચંદ્ર જૈન, શ્રી પુખરાજ ભંડારી, ડૉ. પરમેશ્વર ઝા, પં. દેવકુમાર જૈન, પ્રો. કૃષ્ણદત્ત વાજપેયી, પ્રો. અરુણ જોશી, ડૉ. વીરેન્દ્ર સિંહ, ડૉ. અલકા પ્રચંડિયા, ડૉ. ધન્નાલાલ જૈન, ડૉ. સુભાષ કોઠારી, ડૉ. સંજીવ પ્રચંડિયા, શ્રીમતી કૌશલ્યા ભાણાવત* વગેરે વિદ્વાનોના લેખો વાચંવા જેવા છે. શ્રમપૂર્ણ લેખોના સંગ્રહસ્થાન જેવા આ ગ્રંથમાં ત્રિસ્તુતિક સંપ્રદાયના પૂજનીય મુનિવરો અને સાધ્વીજીઓ દ્વારા લખાયેલા લેખો પણ સંગ્રહાયા છે જે જ્ઞાનવર્ધક હોવા સાથે ઉપયોગી પણ છે. આ લેખક મુનિવરોમાં *શ્રી. જયાનંદવિજયજી મહારાજ, શ્રી. નરેન્દ્રવિજયજી મહારાજ, શ્રી. દેવેન્દ્રવિજયજી મહારાજ, શ્રી. હિતેશચંદ્રવિજયજી મહારાજ, શ્રી. ઋષભચંદ્રવિજયજી મહારાજ,* ઉપરાંત સ્થાનકવાસી સંપ્રદાયના *શ્રી. રમેશમુનિજી મહારાજ, શ્રી. સુભાષમુનિજી મહારાજ, શ્રી. સૌભાગ્યમુનિજી મહારાજ* અને સાધ્વીવર્ગમાં *શ્રી. મુક્તિશ્રીજી મહારાજ, શ્રી. તત્ત્વલોચનાશ્રીજી મહારાજ, શ્રી. અનુભવદ્રષ્ટાશ્રીજી મહારાજ, શ્રી. મણિપ્રભાશ્રીજી મહારાજ, શ્રી. પુનીતપ્રજ્ઞાશ્રીજી મહારાજ* વગેરેના લેખોનો સમાવેશ થાય છે. *ડૉ. એમ. એલ. ઘરોટે* જેવા વિદ્વાનના છુટાછવાયા અંગ્રેજી લેખોને બાદ કરતાં મોટા ભાગના લેખો હિન્દી ભાષામાં છે.

પોતાના ઉપકારી ગુરુદેવોના સ્મારક ગ્રંથોમાં વિદ્વત્તાપૂર્ણ લેખો સમાવી લેવાની પ્રથા આ ગ્રંથમાં પણ સચવાઈ છે. આનાથી પોતાના ગુરુદેવોના ઉપકારોની સ્મૃતિ તાજી થવા સાથે આપણું પ્રાચીન જ્ઞાનધન પણ સચવાઈ રહે છે.

## ● અધ્યાત્મ જ્ઞાન પ્રકાશ

*સંપાદક અને સંયોજક : પૂજ્ય મુનિવર્ય શ્રી જયશેખરવિજયજી મહારાજ*
*પ્રકાશક : શ્રી સદ્બોધ સાહિત્ય પ્રકાશન, મોહનખેડા તીર્થ, રાજગઢ (મધ્ય પ્રદેશ)*
*મૂલ્ય : ૬૦ રૂપિયા*

ત્રિસ્તુતિક સંપ્રદાયના પૂજનીય મુનિ શ્રી જયશેખરવિજયજી મહારાજ દ્વારા લખાયેલા આ પુસ્તકમાં આત્મકલ્યાણના માર્ગે જવા પ્રેરે તેવા અનેક વિષયોની સરળ હિન્દી ભાષામાં રજૂઆત કરવામાં આવી છે. ક્યાંક કાવ્યો દ્વારા, ક્યાંક મુક્તકો દ્વારા, ક્યાંક ગદ્યખંડો દ્વારા સરળ શૈલીમાં અપાયેલો ઉપદેશ મનનો ખોરાક બની રહે તેવો છે.

● ● ●

## ● નવતત્ત્વ પ્રકરણ બાલાવબોધ : એક અધ્યયન

*લેખિકા : પૂ. સાધ્વી શ્રી વિસ્તીર્ણાજી મહાસતીજી*
*પ્રકાશક : શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ*
*૧૩ બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ*
*મૂલ્ય : ૧૦૦ રૂપિયા*

સ્થાનકવાસી સંપ્રદાયનાં અને તાજેતરમાં પીએચ. ડી. કરનારાં (જય જિનેન્દ્ર એપ્રિલ ૨૦૦૩) પૂજનીય સાધ્વી શ્રી વિસ્તીર્ણાજી દ્વારા લખાયેલું આ પુસ્તક નવતત્ત્વનાં વિવિધ પાસાંઓ ઉપર પ્રકાશ પાડે છે. ગુજરાત યુનિવર્સિટી દ્વારા પીએચ. ડી. માટે માન્ય કરાયેલા આ વિષયના નિબંધ તરીકે જે લખાયું તેની મોટા ભાગની વિગતો લેખિકાએ આપણને આ પુસ્તકમાં ઉપલબ્ધ કરાવી આપી છે.

મધ્યકાલીન સાહિત્યનો પરિચય, નવતત્ત્વ વિષયક સાહિત્યનો પરિચય, જે બાલાવબોધને નિબંધ માટે લેવામાં આવ્યો હતો તેનો અને તેના લેખક – રચનાકારનો પરિચય, બાલાવબોધની ભાષાની વ્યાકરણની દૃષ્ટિએ ચકાસણી, બાલાવબોધમાં આવતા ગદ્યની સમીક્ષા વગેરે સંશોધન પદ્ધતિ સાથે સંકળાયેલી બાબતો ગ્રંથમાં આવરી લેવાઈ છે.

ગ્રંથનો મૂળ વિષય, તેના નામથી જ જણાઈ આવે છે તેમ, નવતત્ત્વ છે. આ અંગે વિવિધ દૃષ્ટિકોણથી કરાયેલો અભ્યાસ નવતત્ત્વમાં ધાર્મિક દૃષ્ટિએ શ્રદ્ધા રાખનારા વર્ગ ઉપરાંત તેને અભ્યાસની દૃષ્ટિએ જોનારા વાચકને પણ સરળતાથી સમજાય તેવો છે.

સાહિત્યપ્રેમી માટે ગ્રંથનું પહેલું પ્રકરણ, ઇતિહાસપ્રેમી માટે ગ્રંથનું બીજું અને ત્રીજું પ્રકરણ, તત્ત્વચિંતકો માટે ગ્રંથનું ચોથું પ્રકરણ અને ભાષાશાસ્ત્રી માટે ગ્રંથનું પાંચમું પ્રકરણ ખાસ ઉપયોગી બની રહે તેમ છે.

નિબંધ તૈયાર કરવા માટે ઉપયોગમાં લેવાયેલી હસ્તપ્રતિના પરિચય ઉપરાંત વિવિધ પરિશિષ્ટો દ્વારા પુસ્તકને સમૃદ્ધ કરવામાં આવ્યું છે. આ પુસ્તક જોયા પછી, 'સંશોધન ગ્રંથો શુષ્ક હોય' એવા ખ્યાલનું નિરસન થાય છે.

### ....સામાચારી....

- સાધુ-સાધવિયોં ને સાથે માર્ગ મેં વિચરણા નહીં, કારણ હોય તો આચાર્ય ને પૂછને બૃહત્વ્યવહાર મર્યાદા પ્રમાણે વિચરે.
- સાધ્વીને ઉપાસરે સાધુ જાય નહીં, કાર્ય હોય તો બારે ઊભોં ખંખારો કરે, પછે દ્વારે ઊભો રહી દૃષ્ટિ દે, જો પ્રવર્તિની હોય તો તિસકું જણાય પછે જાય. પાંચ જણા વિના ઊભો રહે નહીં.
- સાધ્વી કને ઓઘા પ્રમુખાંરો કામ કરાવે તો સર્વ સામગ્રી આપ મિલાય દેવે. સાધ્વી કા લાયા જલ સે વસ્ત્રાદિ ધોવાવે નહીં.
- સાધવી લાયા ચાર આહારમેંલો એક ભી આહાર લેણો નહીં.
- જો કોઈ સાધુ સાધવી ઉલંઠ હોય, આચાર્યાદિકને અસમંજસ બોલે તો તિણને આચાર્ય પ્રવર્તિનીરા હુકુમ બિના ગચ્છ બાહિર કાઢણો નહીં.
- સાધુ-સાધવી અપણી નેશ્રાયેં ચેલા-ચેલી કરણા નહીં, આચાર્ય પ્રવર્તિનીરી નેશ્રાયેં કરણા.
- વાંદવા આવે જબ સબ જણી સાથે આવે. તીન જણીસું વારંવાર સાધવ્યો સાધ કને આવે નહીં.

*– શ્રીમદ્ વિજય રાજેન્દ્રસૂરિકૃત 'સ્વગચ્છીય મર્યાદાપટ્ટક'ના કેટલાક અંશ*
શ્રીમદ્ વિજય વિદ્યાચંદ્રસૂરિ સ્મૃતિગ્રંથમાંથી સાભાર (ભાષા જેમની તેમ રાખી છે.)

## શિવાજી યુનિવર્સિટીમાં જૈન ચેરની સ્થાપના

મહારાષ્ટ્ર સરકાર હસ્તકના હાયર એજ્યુકેશન એન્ડ ટેક્નિકલ ડિપાર્ટમેન્ટ દ્વારા કોલ્હાપુરની શિવાજી યુનિવર્સિટીમાં ભગવાન મહાવીર જૈન ચેર શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. આ માટે મહારાષ્ટ્રના શિક્ષણ વિભાગ દ્વારા રૂપિયા ૨૫ લાખની ગ્રાન્ટ શિવાજી યુનિવર્સિટીને આપવામાં આવી છે. દક્ષિણ ભારત જૈન સભાની વારંવારની માગણીને ધ્યાનમાં લઈને મહારાષ્ટ્ર સરકારે આ પગલું લીધું છે.

મહારાષ્ટ્ર રાજ્યના માજી મુખ્યમંત્રી શ્રી. વિલાસરાવ દેશમુખ અને વર્તમાન મુખ્યમંત્રી શ્રી. સુશીલકુમાર શિંદેએ આ મામલે અંગત રસ લઈને આ કાર્યને વેગ આપ્યો હતો.

શિવાજી યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર શ્રી ટકવાલેએ પણ આ કાર્ય માટે પૂરતી જહેમત ઉઠાવી હતી. ઉલ્લેખનીય છે કે શિવાજી યુનિવર્સિટી જે વિસ્તારમાં આવેલી છે ત્યાં પ્રાચીન કાળથી જ જૈન ધર્મનાં અનેક કેન્દ્રો આવેલાં છે.

## મુનિ શ્રી. નિર્મળસાગરજી યતિ બની ગયા, જ્યારે તેમના વડીલ બંધુની સ્થિતિ અનિશ્ચિત

સુવિખ્યાત જૈનાચાર્ય શ્રી. પદ્મસાગરસૂરીશ્વરજી મહારાજના શિષ્ય મુનિ શ્રી. નિર્મળસાગરજીએ યતિજીવનનો સ્વીકાર કરી લીધો છે. નજીકના ભૂતકાળમાં જ શ્રી. નિર્મળસાગરજી દ્વારા આબુ પર્વત ઉપર પ્રસ્થાપિત નૂતન જિનમંદિરની પ્રતિષ્ઠા તેમના ગુરુદેવ પૂજનીય આચાર્યશ્રી દ્વારા કરવામાં આવી હતી. શ્રી નિર્મળસાગરજીએ યતિજીવન અપનાવતાં પહેલાં વાહનવ્યવહાર વગેરે સાધુજીવન વિરુદ્ધની પ્રવૃત્તિઓ તો વર્ષો પૂર્વે જ શરૂ કરી દીધી હતી એમ આબુ ખાતેના અમારા પ્રતિનિધિએ જણાવ્યું છે.

શ્રી. નિર્મળસાગરજીના વડીલ બંધુ મુનિ શ્રી. ઉદયસાગરજી હવે આબુમાં ગુરુની છત્રછાયા વિના એકલવિહારી બનીને રહેશે કે પછી પોતાના ગુરુની નિશ્રામાં પાછા ફરશે તે અંગે દ્વિધા પ્રવર્તે છે. *ગુરુ અને વડીલોની હાજરી છતાં કોઈ સાધુ એકલો પડે તો આપના સમુદાયમાં કેવા પ્રકારની વ્યવસ્થા છે* તે પ્રશ્નનો ઉત્તર સમુદાયના વડીલો દ્વારા ટાળવામાં આવ્યો હતો.

## શ્રમણસંઘમાં વિભાજનના ભણકારા

સ્થાનકવાસી ફિરકાના શ્રમણસંઘ નામે ઓળખાતા વિભાગમાં વિભાજનનો ભય ઊભો થયો છે. અનેક નાના મોટા સંપ્રદાયોએ પોતાના સ્વતંત્ર અસ્તિત્વને ઓગાળી દઈને 'એક આચાર્ય, એક આજ્ઞા'નો સિદ્ધાંત અપનાવીને શ્રમણસંઘની સ્થાપના કરી હતી. જો કે ગુજરાત-સૌરાષ્ટ્ર-કચ્છના સ્થાનકવાસી સંપ્રદાયો આમાંથી બાકાત રહ્યા હતા અને તેમણે પોતાનું અસ્તિત્વ સ્વતંત્રપણે જાળવી રાખ્યું હતું. મુખ્યત્વે રાજસ્થાની અને હિન્દીભાષી પટ્ટામાં આવતા સંપ્રદાયોએ પોતાનું વિલીનીકરણ આ શ્રમણસંઘમાં કર્યું હતું.

પૂજનીય આચાર્ય શ્રી. આનંદઋષિજી મહારાજની વિદ્યમાનતા દરમ્યાન શ્રમણસંઘનો ઘણો જ વિકાસ થઈ ચૂક્યો હતો અને શ્રમણસંઘમાં વિલીન થયેલા સંપ્રદાયોના મુનિઓમાં કોઈ મનદુઃખ હોય એવું ક્યારેય જણાયું નહોતું. શ્રી. આનંદઋષિજી મહારાજના કાળધર્મ પછી સંઘનાયક બનેલા શ્રી. દેવેન્દ્રમુનિજી મહારાજ પણ શ્રમણસંઘમાં આદરપાત્ર સ્થાન ધરાવતા હતા અને તેમની હયાતીમાં પણ શ્રમણસંઘનું સંચાલન સારી રીતે ચાલુ રહ્યું હતું. ગયા વરસે તેમના કાળધર્મ પછી ડૉ. શિવમુનિએ શ્રમણસંઘના આચાર્ય તરીકેનો કાર્યભાળ સંભાળ્યો હતો. એમણે પદગ્રહણ કર્યું ત્યારે બધા જ વડીલોએ તેમને દિલથી આવકાર્યા હતા.

કહે છે કે ચાર મુનિઓના વાંધાજનક આચરણના કારણે વર્તમાન આચાર્ય ડૉ. શિવમુનિએ પોતાના હોદ્દાની રૂએ તેમની સામે શિસ્તને લગતાં પગલાં લીધાં હતાં. આ મુનિઓ શ્રમણસંઘમાં મહત્ત્વની ભૂમિકા પણ નભાવતા હતા. શ્રણણસંઘના મહામંત્રીની કક્ષાના શ્રી. સૌભાગ્યમુનિ 'કુમુદ' સહિત ચાર સાધુઓ અને એક સાધ્વીને સંપ્રદાયમાંથી બહાર કાઢવાનું ગંભીર પગલું ડૉ. શિવમુનિએ લીધું હતું. શ્રી. સૌભાગ્યમુનિએ આના ગંભીર પ્રત્યાઘાત આપતાં, આચાર્યના આ પગલાને અસ્વીકાર્ય ગણાવ્યું હતું અને પોતે અપમાનિત થયાનું જણાવ્યું હતું.

શ્રમણસંઘના એક શક્તિશાળી મુનિ શ્રી. રૂપચંદજી (રજત)એ શ્રી. ઉમેશમુનિની આચાર્ય તરીકે અને શ્રી. વિશાલમુનિની યુવાચાર્ય તરીકે નીમણૂક થાય તે દિશામાં ચક્રો ગતિમાન કર્યાં છે. આમ શ્રમણસંઘમાં વિભાજન હવે નક્કી જ છે અને બન્નેમાંથી એક પણ પક્ષ અત્યારે તો નમતું જોખવા તૈયાર હોય એમ લાગતું નથી.

## છત્તીસગઢમાં નવાં કતલખાનાં નહીં નખાય

છત્તીસગઢ રાજ્યના મુખ્યમંત્રી શ્રી. અજિત જોગીએ ખાતરી આપી છે કે છત્તીસગઢની ભૂમિ ઉપર એક પણ નવું કતલખાનું નાખવાની છૂટ આપવામાં આવશે નહીં. રાજ્યના પાટનગર રાયપુર ખાતે ભગવાન મહાવીરના જન્મકલ્યાણક અવસરે યોજાયેલા એક સમારોહમાં બોલતાં તેમણે જણાવ્યું હતું કે રાજ્યમાં કોઈ પણ હાલતમાં નવાં કતલખાનાં નાખવાની રજા નહીં આપવામાં આવે. તાળીઓના ગડગડાટ વચ્ચે તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે મૂંગા પ્રાણીઓના ભોગે અમને મહેસૂલની આવકની કોઈ જ જરૂરત નથી. મહેસૂલ પ્રાપ્ત કરવાના આપણી પાસે બીજા અસંખ્ય ઉપાયો છે.

●

**અનુસંધાન પાન ૮નું ચાલુ**

હમણાં એક પદવીધર મહારાજ સાહેબે અમારા સંઘમાં સત્તાવાર રીતે રાત્રિના સમયે ઉપાશ્રયમાં વ્યાખ્યાન આપ્યું હતું તેમાં સંઘની બહેનોની પણ હાજરી હતી. મહારાજ સાહેબે બિનધાસ્તપણે વ્યાખ્યાન આપ્યું. બહેનોની હાજરીમાં રાતે ઉપાશ્રયમાં જો સાધુઓથી વ્યાખ્યાન થઈ શકતું હોય તો પછી શ્રીસંઘની અને લાગતા વળગતા મહારાજ સાહેબની આચારમર્યાદા ક્યાં રહી? મહારાજ સાહેબ પોતે પદવીધર હતા તેથી તેઓ પોતાના આચારવિચાર બાબતે અજ્ઞાની હોય એવું માનવાનું તો કોઈ કારણ રહેતું નથી.

હમણાં હમણાંથી મહોત્સવો દરમ્યાન રાતના બાર બાર વાગ્યા સુધી દેરાસરો ખુલ્લાં રહે છે અને લોકોનો પ્રવાહ પણ એમાં વહેતો હોય છે. લોકો તો અજ્ઞાની હોય પણ જે મહારાજ સાહેબોની નિશ્રામાં આવા મહોત્સવો થતા હોય તેમની શી ફરજ બને છે?

આપણા સર્વકલ્યાણકારી જૈન સંઘમાં દિવસે દિવસે મર્યાદાનો લોપ થતો ચાલ્યો છે એના એક એકથી ચડિયાતાં સેંકડો ઉદાહરણો મળી આવે તેમ છે. હું માનું છું કે આ મર્યાદાલોપ એ જૈન સંઘની સૌથી મોટી સમસ્યા છે. બાકીની સમસ્યાઓ તો તેની આડપેદાશ છે. મુખ્ય સમસ્યાને ઉકેલવામાં આવે તો બાકીની નાની નાની સમસ્યાઓ આપોઆપ શમી જશે.

આ સમસ્યા કઈ રીતે ઉકેલાય? એનો ઉત્તર એ છે કે શ્રાવકો અને શ્રાવિકાઓ પોતપોતાની મર્યાદાઓ શી છે તેની સાચી જાણકારી મેળવે. જેથી આ મામલે તેમને કોઈ હિત ધરાવતાં તત્ત્વો ઊંઠાં ન ભણાવી શકે. સાધુ-સાધ્વીઓ આ મામલે સાચો ઉપદેશ આપવાનું રાખે અને સંઘનાં ચારેય અંગો પોતાના ફાળે આવેલી જવાબદારીઓનું નિષ્ઠાથી વહન કરે.

**પલ્લવી દેસાઈ** *(વેજલપુર, અમદાવાદ)*

## આપનો પત્ર મળ્યો



ઉત્તર પ્રદેશનાં મુખ્યપ્રધાન સુશ્રી માયાવતીએ પોતાના રાજ્યના જૈનોને ધાર્મિક લઘુમતીનો દરજ્જો આપ્યો તે સમાચારથી આશ્ચર્ય થયું કે માયાવતી આવું પણ કરે? અન્ય રાજ્યના મુખ્યમંત્રીઓ પણ આ પગલાને અનુસરશે તો લાંબા ગાળે જૈનોના ફાયદા માટે થશે. *જય જિનેન્દ્ર* દ્વારા જ્યારે જૈનો ધાર્મિક લઘુમતી હોવા જોઈએ એ મુદ્દો ઉઠાવાયો હતો ત્યારે એ જરા વધુ પડતું લાગ્યું હતું પણ હવે સમજાય છે કે એ ઝુંબેશ યોગ્ય હતી.

**શામજીભાઈ વોરા** *(અંધેરી, મુંબઈ)*

*જય જિનેન્દ્ર* મે ૨૦૦૩ના અંકમાં ઉત્તર પ્રદેશ સરકારે જૈનોને ધાર્મિક લઘુમતી જાહેર કર્યા એ સમાચાર વાંચી આનંદ થયો. *જય જિનેન્દ્ર*માં જે ચર્ચા વિચારણા થઈ હતી તે તદન નિષ્ફળ ગઈ નથી! વાવેલાં બીજનું કંઈક તો પરિણામ આવ્યું જ.

હવે યુ. પી.નાં જૈન તીર્થો, દેરાસરો વગેરેનું કાયદેસર રીતે યોગ્ય રક્ષણ અને દેખભાળ થશે. રાજસ્થાન, ગુજરાત અને મહારાષ્ટ્રમાં જૈન મંદિરો પર જે અતિક્રમણો થયાં છે તે હવેથી યુ. પી.માં નહિ થાય! આના માટે માયાવતીને ધન્યવાદ ઘટે છે.

યુ. પી.માં આને માટે ગેઝેટમાં જે ઑફિશીયલ નોટિફિકેશન આવ્યું હોય તેની રિપ્રિન્ટ *જય જિનેન્દ્ર*માં કરવી જોઈએ.

ભારતની અડધા ટકાથી પણ ઓછી વસતી ધરાવતા જૈનો આ માટે રાજસ્થાન, ગુજરાત અને મહારાષ્ટ્ર સરકારોને ખાસ જણાવે કે જે તમે કરી શક્યા નથી તે માયાવતીએ કરી બતાવ્યું! આ જરૂરી કાર્ય કરવા માટે જૈનો માયાવતીના આભારી રહેશે.

**ડૉ. રશ્મિકાન્ત શાહ** *(મલાડ, મુંબઈ)*

- **આ અંકનો ઈનામી પત્ર**

*જય જિનેન્દ્ર*માં આપે જૈન સંઘની સળગતી સમસ્યાઓ અંગે વિચારો રજૂ કરવા જણાવ્યું હતું એના પ્રતિભાવરૂપે આ પત્ર લખું છું.

દરેક યુગમાં દરેક ધર્મમાં સમસ્યાઓ ઊભી થતી જ હોય છે. જૈન ધર્મ પણ એમાંથી બાકાત ન હોઈ શકે. જૈન ધર્મમાં આ પૂર્વે ઘણી કટોકટીઓ ઊભી થઈ છે. સંઘનું વિભાજન થઈ જાય એટલી હદે પ્રશ્નો ઊભા થયા છે અને જતે દિવસે કેટલાક શમી પણ ગયા છે. પરંતુ જૈન ધર્મના પોતને સાવ ખલાસ કરી નાખે એવી કટોકટી ક્યારેય નહોતી આવી. આ કાળમાં આપણે જોઈ રહ્યા છીએ કે જૈન ધર્મના પોતને ઘણું મોટું નુકસાન થયું છે.

હું સમજું છું ત્યાં સુધી જૈન ધર્મનો અસલી પાયો તેની મર્યાદાની વ્યવસ્થા છે. આ મર્યાદા હવે તૂટી હોય એવું લાગે છે. શાસનનાં ચારે અંગો – સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા – વચ્ચે વહેંચાયેલી જવાબદારીઓનું વહન કરવામાં એ ચારે અંગો ઊણાં ઊતરતાં લાગે છે. પોતાના અવગુણો ઢાંકવા અને બીજાના દોષો પ્રગટ કરવા એ સર્વસામાન્ય બન્યું છે. શ્રાવકો અને શ્રાવિકાઓ માટે દરેક ગુરુ ભગવંત સમાનપણે પૂજ્ય હોવા જોઈએ એના બદલે તેઓ પક્ષાપક્ષીમાં પડ્યાં છે. સાધુ અને સાધ્વી માટે દરેક ગૃહસ્થ એક સરખો આવકાર્ય હોવો જોઈએ એના બદલે ધનવાન શ્રાવકોનું મહત્ત્વ વધ્યું છે. શ્રાવક-શ્રાવિકાઓ ચોક્કસ વર્ગના મહારાજ સાહેબો માટે 'અમારા મહારાજ સાહેબ' એવો પ્રયોગ કરે છે ત્યારે આંચકો લાગે છે. એ જ રીતે મહારાજ સાહેબો 'મારો ભક્ત' જેવા પ્રયોગ કરે છે ત્યારે પણ એટલું જ આંચકાજનક લાગે છે. સાધુતાના પ્રેમના બદલે જૈન સમાજ પસંદગીના સાધુના પ્રેમ તરફ સરકી ગયો છે.

મહારાજ સાહેબો વ્યાખ્યાન કરે છે એમાં ત્યાગ, વૈરાગ્ય, આત્મકલ્યાણ, મનશુદ્ધિ, વિચારશુદ્ધિ અને વ્યવહારશુદ્ધિ વગેરે મુદ્દાઓના બદલે છીછરી અને ઘણીવાર તો ચીતરી ચડે તેવી જૉકબાજી કરતા હોય છે. જે સાધુ વધારે મનોરંજન કરી જાણે એ સાધુ સારો વ્યાખ્યાનકાર ગણાય એવી અવસ્થાએ આપણે પહોંચી ગયા છીએ.

**અનુસંધાન પાન ૭ ઉપર**

*જય જિનેન્દ્ર*

### જૈનસંઘની સળગતી સમસ્યાઓ અંગે *જય જિનેન્દ્ર*ને પત્ર લખો અને ૧૦૦ રૂપિયાનું પ્રોત્સાહક ઈનામ મેળવો

પ્રવર્તમાન જૈનસંઘ અનેક જાતની સમસ્યાઓથી ઘેરાઈ ગયો છે એવું તમે માનો છો? અને એ સમસ્યાઓને મુક્ત મનથી રજૂ કરવા માટે તમારી પાસે કોઈ મંચ નથી?

**આવો...**

*જય જિનેન્દ્ર* તમને એ મંચ પૂરો પાડે છે. તમારા વિચારો ઓછા પણ મૂલ્યવાન શબ્દોમાં, *ટુ ધ પોઈન્ટ* અમને લખી જણાવો. તમે એ પણ જણાવો કે તમે જેને સમસ્યા માનતા હો તેને સુલઝાવવાનો તમારી પાસે કયો આઈડિયા, ઉપાય કે રસ્તો છે. દર અંકે શ્રેષ્ઠ પત્રને મળશે ૧૦૦ રૂપિયાનું પ્રોત્સાહક ઈનામ.

કલમ અજમાવી જુઓ. આગામી માસના ઈનામવિજેતા તમે પણ હોઈ શકો.

**પત્ર આ સરનામે લખશો :**

*જય જિનેન્દ્ર*, પોસ્ટ બોક્સ નં. ૧૫૦૦૮, આંબાવાડી વિસ્તાર પોસ્ટ ઑફિસ, અમદાવાદ

**પ્રતિમાસ પત્ર, પ્રતિમાસ ઈનામ !**

**જય જિનેન્દ્ર તરફથી આ અંકનો પુરસ્કાર મેળવે છે આ પત્રનાં લેખિકા સુશ્રી પલ્લવી દેસાઈ**

## ધ લાસ્ટ બાઇટ...

**બોધપાઠ**

સેવા કરવાનો સરળ ઉપાય : 'બીજાને નડવાનું બંધ કરો.'

•

**સ્પંદન**

દિલ્હી કે દરબારમેં કૌરવોં કા હૈ જોર, લોકતંત્ર કી દ્રૌપદી રોતી નયન નિચોર;
કોટિ કોટિ જનતા કા નહીં કોઈ રખવાલા, નયે ભીષ્મ દ્રોણોં ને મુખ પર ડાલા તાલા...

*– અટલ બિહારી બાજપાઈ*

•

**ના હોય!**

અસ્તકીર્તિ : 'મારી વિદ્વત્તા માટે મને બહુ અહંકાર આવે છે, એમાંથી કેવી રીતે બચાય?'
શૈલુ : 'એને અહંકાર ન કહેવાય, વહેમ કહેવાય, અને એ માટે કશું કરવાનું ન હોય!'

!! अहो कार्टुनम्




Printed, Published and Owned by Nirved Acharya, 68 Niharika Bungalows, Nr. Azad Society, Ambavadi, AMDAVAD 380 015
Printed at Shivkrupa Offset Printers, 27 Amrut Industrial Estate, Nr. Dudheshvar Water Tank, Amdavad 380 004